સ્વર્ગવાસી મહારાજા સાહેબ સર

તખ્તસિંહજી

[redacted] જીવન ચરિત્ર.

બનાવનાર

અને

પ્રસિદ્ધ કર્તા

માધવલાલ ગીરજાશંકર ત્રવાડી.

ચિત્રા

ગોહેલવાડ પ્રીંટીંગ પ્રેસ.

સ્વર્ગવાસી મહારાજા સાહેબ
સર તખ્તસિંહજી.

જીવન ચરીત્ર.

રચનાર

ત્રવાડી માધવલાલ વિ ગીરજાશંકર
ભાવનગર.

ચિત્રા.

ધી "ગોહેલવાડ" પ્રીંટીંગ પ્રેસ.

પ્રસ્તાવના.

મહાન પુરૂષોનાં જીવન ચરિત્ર એ દેશની ચઢતીમાં એક મોટું સાધન છે. આ જગતને આપણે જોઇ શકીએ છીએ, પણ આપણે પોતે પોતાને દેખી શકતા નથી. જેમ પોતાનું અંગ જોવાને દર્પણની જરૂર છે તેમજ અંતરના ગુણ દોષ જોવાને દર્પણ એ જીવન ચરિત્ર છે. કેટલીક વેળા ઉત્તમ પુરૂષોનાં ગુણો એક પડદે રહી જાય છે, અને તેથી ઘણી વાતે આપણે અજાણ્યા રહીએ છીએ તે આ સાધનથી સર્વના જાણ્યામાં આવે છે. સદ્‌ગૃહસ્થોના જીવન ચરિત્ર ઘણા ઉપયોગી છે તેમાં આ એકકો નર મરહુમ મહારાજા સાહેબ સર તખ્તસીંગજી જી. સી. એસ. આઈ. એલ. એલ. ડી. નું ચરિત્ર સાલસાઈ, સાદાપણું, પરોપકાર બુદ્ધિ, સ્વદેશનું ભલું કરવું, જાત ભાઇ પ્રત્યે લાગણી, એટલુંજ નહીં, પણ જાતી ભેદનો કંઈપણ તફાવત રાખ્યા વગર દુનિયામાં ભલું કરવું, એવા ઉત્તમ પ્રકારના ગુણોનો બોધ આપે તેવું છે તેથી તેનો લાભ આ વંશને તથા ભવિષ્યના વંશને ગ્રહણ કરવાની તક મળે તેમ ધારી આ ગ્રંથ રચવા મેં દીલપર લીધું. ગ્રંથ બહાર પાડવો કે નહીં એ હું પ્રથમ સંશયમાં હતો. પરંતુ

પાછળ દર્શાવેલા સજ્જન ગૃહસ્થો તરફથી મને ઉત્તેજન મળવાથી મારી ઉલટ વધી તેથી આ ગ્રંથ તેમને લીધે બહાર પડ્યું છે. માટે તેઓનો જાહેર રીતે હું મોટો આભાર માનું છઉં.

આ પુસ્તક રચવામાં વિષયનું જ્ઞાન જોઈએ, એ મને સત્યવક્તા પત્રો હાથમાં આવ્યાથી તેની મદદ લઈ આ પુસ્તક બહાર પાડું છઉં.

હરેક વિષયને લગતી બીનાઓ આપી કોઈને પણ શિક્ષણ મળે એવા રૂપમાં લખવા મેં મારૂં બનતું કર્યું છે. તોપણ સારા લખનારાઓ સમક્ષ મારી ભૂલો નજરે આવશે એમાં કાંઈ પણ શક નથી. અને ખરેખર મારૂં લખાણ વિદ્વાનોના ઉંચા લખાણોને બીલકુલ પુગે તેમ નથી પણ મારી શક્તિ પ્રમાણે મહારાજા સાહેબની લાગણી ખાતર જે સેવા કરી શક્યો છું તેજ માત્ર મને સંતોષ છે.

મ. ક. મ.

ડોગરેગી } રવાડી માધવલાલ વિ. ગીરજાશંકર

ભાવનગર } પ્રસિદ્ધ કર્તા.

મહારાજા સાહેબ સર તખ્તસીંગજી જી. સી. એસ. આઇ. એલ. એલ. ડી નું.

જન્મ ચરીત્ર.

૬૨૭

જન્મ, બાલ્યાવસ્થા, વડાઓ, અટક, મુળ, કેલવણી અને ઉદ્યોગ

પ્રકરણ ૧ લું.

ભાવનગરના ઠાકોર સાહેબ નામદાર મહારાજા રાઓળ શ્રી તખ્તસીંગજીનો જન્મ સને ૧૮૫૮ ના જાન્યુઆરી માસની તા૰ ૬ ઠી એ થયો હતો તેમના જન્મની ચાર વર્ષ અગાઉ તેમના કાકા અખેરાજજી સંતાન વગર મૃત્યુ પામ્યાથી તેમના પીતા જસવંતસીંગજી ગાદી ઉપર આવ્યા હતા જેઓ રજપુત રીવાજ પ્રમાણે સાત રાણીઓ પરણ્યા હતા જેમાંના રાજપુરાવાળાં રાણી હરી બાએ પાટવી કુંવર તખ્તસીંગજીને જન્મ આપ્યો હતો. ભાવનગરના રાજકર્તાઓ ગોહેલ જાતના રજપુત હતા, જેઓ સાલીવાહનથી ઉતરેલા માને છે જો કે

કર્નલ ટોડ જણાવે છે કે તેઓ સૂર્ય વંશી છે. ગમે તે અનુમાન ખરૂં હોય તોપણ તેઓને રાઠોડ જાતના રાજપુતોએ મારવાડ મધ્યે લુણી નદીપર આવેલા ખેરગઢમાંથી આજથી આશરે ૬૦૦ વર્ષ ઉપર હાંકી કાઢયા હતા જેથી તેઓ કાઠીયાવાડમાં આવ્યા હતા આ વખતે ગોહિલોના સરદાર સેજકજી હતા જેઓએ પોતાની કુંવરી વાલમકુંવરબાને જુનાગઢના રાજેકવાટ અથવા કવાડ કહેવાય છે તેમના પુત્ર કુંવર ખેંગાર સાથે પરણાવી હતી. એવું કહેવાય છે કે રા'કવાટે સેજકજીને પંચમહાલ મધ્યેનું સાહપુર અને બાર ગાંમડાંઓ બક્ષીસ આપ્યાં હતા જેથી સેજકજીએ સાહપુરમાં પોતાના નામ ઉપરથી સેજકપુર નામનું એક નવું ગામ વસાવી તેને પોતાની રાજધાની કરી હતી અને તે પછી આસપાસના કેટલાંક ગામડાં જીતી લીધાં હતાં આ વખતથી કાઠીયાવાડ મધ્યેના ગોહેલ રાજ્ય કર્તાઓની ઉત્પતી જાણી શકીએ છીએ. સેજકજીએ પોતાનો અમલ ૧૨૬૦ થી ૧૨૯૦ સુધી ચલાવ્યો હતો. તેમને રાણોજી, સાહજી, અને સારંગજી ત્રણ પુત્ર હતા રાણોજી વાલમપુરબાનો ઓરમાન ભાઈ થતો હતો, પરંતુ શાહજી અને સારંગજી તેમના સગા ભાઇઓ હોવાથી તેઓ વાલમકુંવરબાની સાથે જુનાગઢ ગયા હતા, જ્યાં માંડવીની ચોવીસી સાહજીને અને અર્થીલા ચોવીસી સાર-

ગજીને મળી હતી. સેજકજીએ પોતે જીતેલા ગામડાંઓમાંથી કેટલાંક પોતાના ભાઈઓને આપ્યાં હતાં, જેવાકે બગદાદ હનુજીને, ટાટમ માનસીંગજીને, તુરખા કુદાજીને, અને પાલીઆદ દેપાલજીને એ પ્રમાણે આપ્યાં હતાં.

સેજકજીની પછી તેની ગાદીએ તેના પુત્ર રાણોજી આવ્યા હતા જેઓએ ૧૨૯૦ થી ૧૩૦૯ સુધી અમલ ચલાવ્યો હતો. રાણોજી રાણપુર ગામ વસાવી ગોહેલ રાજધાની ત્યાં લઈ ગયા હતા, જો કે મુસલમાનોએ તેમને ત્યાંથી હાંકી કાઢયા હતા એટલુંજ નથી પરંતુ તેમને આશરે ૧૩૦૯ માં ઠાર કરી નાખ્યા હતા. આ પછી રાણોજીના પુત્ર મોખરાજી દક્ષિણ તરફ જઇ વસ્યા હતા, અને પ્રથમ વાલસ પાસેથી ભીંમડાદ સર કર્યા પછી કોળીઓ પાસેથી ઉમરાલા જીત્યું હતું, જેને પોતાની રાજધાની બનાવી હતી આ પછી મોખરાજીએ ખોખા જીત્યું હતું અને પાછળથી ગોઘા ઉપર છાપો મારી મુસલમાન કસ્બાતીઓને હાંકી કાઢયા હતા આ પછી તેમની બીજી જીત પીરમનઃ ટાપુની હતી, જે તેમણે બારીઆ કોળી લોકો પાસેથી જીતી લીધો હતો. એવું જણાય છે કે મોખરાજી ગોઘાનો કબજો જાળવી રાખવાને અશકત હોવાથી તેમને પીરમના કીલ્લામાં આશ્રય લીધો હતો તોપણ તેમણે હીંમતથી ગોઘાપર હુમલો કરી લુંટી લીધેલું હોવાથી દીલ્લીનો બાદશાહ મહમદ તઘલખ જે આ વખતે ગુજરાતમાં આવ્યો

હતો તેણે મોખરાજી ઉપર સૈન્ય મોકલ્યું, અને મોખરાજી બહાદુરીથી બચાવ કરવા છતાં હારી ગયા હતા અને તેજ વખતે—ઇ૦ સ૦ ૧૩૪૭ માં ઠાર થયા હતા. આથી તેમના પુત્ર ડુંગરજી ઉંડસરવૈયામાં હાથસની તરફ નાસી ગયા હતા, અને ગુજરાતમાંથી દીલ્લીનો શેહેનશાહ વીદાય થયો કે તેઓ આવીને પોતાના પીતાની ગાદીએ ગોહેલોની આવડી શાખાના ઉપરી તરીકે બેઠા હતા. ઇ૦ સ૦ ૧૩૭૦ માં તેમની પછી તેમના પુત્ર વીજોજી ગાદીએ આવ્યા હતા, અને વીજોજીની ગાદીએ તેમના પુત્ર કાનોજી ઇ૦ સ૦ ૧૩૯૫ મ આવ્યા હતા. ઇ૦ સ૦ ૧૪૨૦ માં કાનોજીના મૃત્યુ પછી તેમના પુત્ર સારંગજી ગાદી ઉપર આવ્યા હતા. જે વખતે અમદાવાદના સુલતાનનું સૈન્ય ગોહેલવાડમાં ખંડણી વસુલ કરવા આવ્યું હતું. સારંગજીના કાકા રામજીએ આ સૈન્યને તીજોરીમાં પુરતા પૈસા નથી એમ જણાવી થોડી રકમ આપી અને બાકીની રકમની જામીનગીરી માટે સારંગજીને આપી દઇને પોતે ગાદી દબાવી પડયો. આ પ્રમાણે સારંગજીને અમદાવાદ લઈ જવામાં આવ્યા અને તેમને છોડવવાની તેમના કાકા તરફથી કાંઈ પણ કોસીસ કરવામાં આવી નહોતી. સારંગજી પાછળથી કેટલીક યોગીઓની તથા કુંભારની સહાયતાથી અમદાવાદમાંથી નહાસી જવામાં ફતેહ પામ્યા, અને

પોતાના કાકાના કબજામાંથી પોતાનાં મુલકો પાછા મેળવવાને ચાંપાનેરના રાઓળની મદદથી ગોહેલવાડ ઉપર ચઢાઇ કરી અને થોડા વખતમાં ઉમરાળા જઇ પુગ્યા. રામજીએ તેમના ગમન વીશે સાંભળતાં પોતાની મદદે પોતાના લાઠી અને ગારીઆધારના સગાઓને બોલાવી અને તેઓને વચન આપ્યું કે લાઠીવાળાના વાલુકડના ટપા તથા બાર ગાંમડાં અને લાઠી અને ગારીઆધારવાળાને ત્રાપજના ટપા અને બારગાંમડાં મળશે, પરંતુ પાછળથી લાઠી અને ગારીઆધારવાળા સારંગજીને મળી જવાથી રામજીએ ઉમરાલા જઈ સારંગજીને ગાદી સોંપી આપી જેથી સારંગજીએ રામજીને ઉખરલા બારેલી આગીઅલી અને મોણપુર બક્ષીસ તરીકે આપ્યાં. રામજીએ ગોઘા મધ્યે હકુમત ચલાવેલી હોવાથી તેના વંશજો ગોઘારી ગોહેલ તરીકે ઓળખાય છે. સારંગજી અમદાવાદમાંથી ભાગી ગયા પછી જે વખતે ચાંપાનેરના પતાઈ રાઓળશ્રીનો આશ્રય લીધો હતો, ત્યારે પતાઈ રાઓળે જે માગણી કીધી હતી તે અનુસરે સારંગજીએ ગાદી ઉપર આવતાં રાઓળનો ખીતાબ ધારણ કર્યો હતો.

પ્રકરણ ૨ જું.

આ પછી ઈ૦ સ૦ ૧૭૨૩ માં ભાવસીંગજી નામે કેળવાએલા અને કાબેલ રાજ્યકર્તાએ ભાવનગર સ્થાપ્યું. ભાવ-

નગર શહેરની સ્થાપના કરનાર ભાવસીંગજીનો જન્મ ઈ૦ સ૦ ૧૬૮૩ માં થયો હતો, અને તેઓ પોતાના પીતાની ગાદી ઉપર ૧૭૦૩ માં આવ્યા હતા. તેઓએ પોતાના લાબાં અમલમાં મુસલમાન તથા મરેઠા સૈન્યની ચઢાઇઓ સામે મજબુત બચાવ કર્યો હતો, અને પોતાના રાજ્યને સારી રીતે સુધારી તથા વધારીને તેઓ ઈ૦ સ૦ ૧૭૬૪ માં મરણ પામ્યા હતા. ભાવસીંગજી પછી ઈ૦ સ૦ ૧૮૫૪ માં સ્વર્ગવાસી મહારાજા સર તખ્તસીંગજીના પીતા જસવંતસીંગજી ગાદી ઉપર આવ્યા હતા. તે દરમ્યાનમાં ભાવનગરની ગાદી ઉપર અખેરાજજી, બીજા વખ્તસીંગજી, વજેસીંગજી અને અખેરાજજી ઉર્ફે દાજીરાજ નામે ચાર રાજ્ય કર્તા થઇ ગયા હતાં તેમના વખતમાં જાણુવા જોગ બનાવ કાંઇ બનેલ નથી. જસવંતસીંગજી પોતાના ભાઈ અખેરાજજીને પુત્ર નહીં હોવાથી ગાદી ઉપર આવ્યા હતાં, તેથી ગોઘાના મામલતદારે બ્રીટીશ સરકારનો ટેકો લઈ ભાવનગર આવીને ૧૧૬ અંકે એકસોને સોળ ગામડાંઓ ઉપર બીલકુલ હક લાગે નહીં એવા કારણથી દાવો કર્યો હતો કે એક ભાઈ ગાદી ઉપર આવ્યાથી તેનો મજકુર ગામડાંઓ ઉપર બીલકુલ હક લાગે નહીં ગોઘાના મામલતદારના આ દાવાને અમદાવાદના કલેકટર મી૦ હાડો અને સેટલમેન્ટ ઓફીસર મી૦ રોજર્સે ટેકો

આપ્યો હતો અને તેથી મજકુર ગાંમડાઓ ઉપર જપ્તીઓ મુકવામાં આવી હતી, તોપણ તે વખતના પોલીટીકલ એજન્ટ મેજરબારે ભાવનગરના મીનીસ્ટર આજમ ગવરીશંકર ઉદેશંકર કે જેનું ઓળખાણ આપવું અગત્ય લાગવાથી આગળ આપવામાં આવશે. તે સાથે એકમત થઈને જણાવ્યું હતું કે જસવંતસીંગજીનો ગાદી ઉપર આવવાનો હક ખરેખરો કાયદા પૂર્વક અને વ્યાજબી છે આખરે મુંબઈ સરકારે પોલીટીકલ એજન્ટના વીચારને મળતા થઈ જણાવ્યું હતું કે સર જસવંતસીંગજીનો ગાદીએ આવીને સઘળાં ગામડાંઓ પોતાને હસ્તક લેવાનો હક છે. તે પછી મહારાજા જસવંતસીંગજીને મુંબઈ સરકારે મુબારકબાદીનો કાગળ લખ્યો હતો.

ઈ૦ સ૦ ૧૮૫૭ માં અમદાવાદની પોલીસે ભાવનગરના કાર્યભાર વચે આવીને કેટલાક મુખ્યસત્તાધીકારીઓ સામે આરોપ મુકયા હતા, જેથી પરીણામ એ આવ્યું કે ઉપલા ૧૧૬ ગામો કાઠીઆવાડ એજન્સી તળે મુકવામાં આવ્યાં હતાં ઈ૦ સ૦ ૧૮૬૪ ઠાકોર સાહેબ સર જસવંતસીંગજી જસુનાથ મહાદેવનું દેહેરૂં બાંધ્યા પછી કેટલાંક જાહેર બાંધકામો ઉભાં કર્યાં હતાં.

પ્રથમ લખ્યા પ્રમાણે ઈ૦ સ૦ ૧૮૫૮ ના જાન્યુઆરી માસની તા૦ ૬ ઠી એ મહારાજા સાહેબ સર જસવંતસીંગજી

નાં રાજપુરવાળાં રાણી હરી બાએ પાટવી કુંવર હાલના સ્વ ર્ગવાસી મહારાજા સર તખ્તસીંગજીનો જન્મ આપ્યો હતો.

ઈ૰ સ૰ ૧૮૬૬ માં ઉપર જણાવેલા ગાંમડાઓના વાંધા સંબંધમાં મુંબઈ સરકારે કેટલોક વીચાર કરી છેવટે સરકારી ગેઝેટમાં જાહેર કર્યું હતું કે ૧૧૬ ગામડાઓની દીવાની તથા ફોજદારી સત્તા મળ્યાથી ઠાકોર સાહેબ સર જસવંતસીંગજી બહુજ ખુશી થયા હતા, અને તેથી આ જમ ગવરીશંકરને બોટાદ પ્રગણાનું તુરખા ગામ અને આ-જમ સંતોકરામ સેવકરામે તે કામમાં બજાવેલી સારી સેવાની પીછાણીયત તરીકે મહુવા પ્રગણાનું કુંભણ ગામ બક્ષીસ આપ્યાં હતાં.

ભાવનગર સંસ્થાનના રાજ્ય કાર્યભારમાં સુધારા થયેલા જોઈ તેરાજ કર્નલ કાટીંજની સુચના ઉપરથી દીવાની તથા ફોજદારી કાયદાઓ વીગેરે દાખલ થયેલા જોઈ મુંબઈ સર-કારે ખુશી થઈને ઠાકોર સાહેબ સર જસવંતસીંગજીને નાઈટ કમાન્ડર ઓફ મોસ્ટ એકઝાલ્ટેડ ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડીઆનો ખીતાબ બક્ષ્યો હતો. ઈ૰ સ૰ ૧૮૬૯ માં સર જસવંત-સીંહજીના નાના ભાઇઓ દેવસીંહજી તથા રૂપસીંહજી મૃત્યુ પામ્યા હતા, ઠાકોર સાહેબની તંદુરસ્તી સારી સ્તીથીમાં નહોતી. દીનપ્રતીદીન તેમની તંદુરસ્તી લથડતી ચાલ્યા પછી

ઇ૦ સ૦ ૧૮૭૦ ના એપ્રીલ માસની તા૦ ૧૧ મીએ સ્વ-ર્ગવાસ કર્યો હતો. તેઓ પોતાની પાછળ તખ્તસીંહજી અને જુવાનસીંહજી નામે બે કુંવરો મુકી ગયા હતા. જેમાંથી હાલના સ્વર્ગવાસી મહારાજા સર તખ્તસીંહજી ગાદીએ આવ્યા હતા. સ્વ-ર્ગવાસી નામદાર સર તખ્તસીંહજીએ પોતાની બાલ્યાવસ્થામાં રાજકોટ મધ્યે ૧૮૬૮ માં રાજકુમાર કોલેજનો પાયો નાંખ-વાની ક્રીયા પ્રસંગે પહેલો દેખાવ આપ્યો હતો.

જે વખતે તેઓ પોતાના પીતાશ્રીની વતી દીવાન સાહેબ આજમ ગવરીશંકર ઉદેશંકર સાથે હાજર થયા હતા. રાજ-કોટથી તેઓ ભરૂચ પ્રદર્શન જોવા પધાર્યા હતા. ઇ૦ સ૦ ૧૮૭૦ માં મુંબઈ સરકારે એક ઠરાવ બહાર પાડી જણાવ્યું હતું કે નામદાર તખ્તસીંહજીની બાલ્યાવસ્થામાં ભાવનગર સ્ટેટનો કારભાર જોઇન્ટ એડમીનીસ્ટ્રેશનથી ચલાવવો જોઇએ જેથી સ્ટેટના અનુભવી અને સમર્થ દીવાન આજમ ગૌરીશંકર ઉદેશંકર અને મુંબઈની સીવીલ સર્વીસના મી. ઈ. એચ પરસી-વલને જોઈન્ટ એડમીનીસ્ટ્રેટરો તરીકે નીમવામાં આવ્યા હતા.

પ્રકરણ ૩ જું.

મહાન પુરૂષોનું જીવન ચરીત્ર એ દેશની ચડતીમાં એક

મોટું સાધન છે. આ જગતને આપણે જોઇ શકીએ છીએ, પણ આપણે પોતે પોતાને દેખી શકતા નથી.

જેમ પોતાનું અંગ જોવાને દર્પણ (આરશી) ની જરૂર છે, તેમજ અંતરના ગુણદોષ જોવાને દર્પણ એ જીવન ચરીત્ર છે કેટલીક વેળા ઉત્તમ પુરૂષોનાં ગુણો એક પડદે રહી જાય છે અને તેથી ઘણી વાતે આપણે અજાણ્યા રહીએ છીએ. તે આ સાધનથી સર્વના જાણ્યામાં આવે છે, સદ ગૃહસ્થોના જીવન ચરીત્ર પણ ઘણાં ઉપયોગી છે તે આ એકકો નર આજમ ગવરીશંકર ઉદેશંકર સી. એસ. આઇનું ચરિત્ર આ જગે આપવું દુરસ્ત ધાર્યું છે.

આજમ ગૌરીશંકર ઉદેશંકરનો જન્મ સંવત ૧૮૬૧ ના શ્રાવણ કૃષ્ણપક્ષ એકમને દિવસે ગોઘા બંદરમાં થયો હતો. ૧૭ વર્ષની ઉમરે એટલે ૧૮૭૭ ની સાલમાં તેઓ ભાવનગર સંસ્થાનમાં નોકર રહ્યા હતા. ઈશ્વર કૃપાથી પોતાની બુદ્ધિબળે છેક નાની નોકરીથી ચઢતે સં૦ ૧૯૦૩ ની સાલમાં તેઓ શ્રી મરહુમ મહારાજા વીજયસીહજીના વખતમાં મુખ્ય પ્રધાનપદને પ્રાપ્ત થયા તે વખતથી આરંભીને એટલે મહારાજા વીજયસીંહજી તથા અક્ષયરાજજી તથા યશવંતસીંહજી અને હાલના સ્વર્ગવાસી મહારાજા સર તખ્તસીંહજી જી. સી. એસ આઇના વખતમાં સં. ૧૯૩૫ ની સાલ સુધી એ,

નીષ્ઠાથી રાજ્યભક્તિ ને લોકપ્રીય થઈ રાજ્યને નીષ્કંટક બનાવી સંપૂર્ણ આબાદીમાં લાવી સ્વતંત્ર કરી ચાપી સરકાર તરફથી ઉતકૃષ્ટ માનવંતો સી. એસ આઇનો ઈલકાબ ધારણ કરી ઉત્તમોત્તમ કારભાર કરીને વૃદ્ધિ અવસ્થાને લીધે પોતાની ખુશીથી પ્રધાનપદથી વીશ્રામ પામી છેવટે શાસ્ત્રાનુંસાર પરમાર્થી કાર્યે સફલ કરવાને પોતાની વૃદ્ધ ૮૧ વર્ષની વયે તે સર્વનો ત્યાગ કરી ૧૯૪૨ ના અશાડ માસની શુકલ ૧૧ ને દીવસે વિદ્વત્સન્યાસ્ત ગૃહણ કરી સ્વામી શ્રી સચ્ચીદાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું હતું. તે સ્થીતીમાં છ વર્ષ એકાંત વાસ ભોગવી સંવત ૧૯૪૮ ના માગસર સુદ ૧ એક અને તા૦ ૧ લી ડીસેમ્બર સને ૧૮૯૧ ને દીવસે ૮૭ વર્ષની ઉમરે સ્વર્ગવાસ કરેલ છે. તે ખરા દીલથી તન મન અર્પણ કરવા પાછી પાની કરેલ નહોતી.

આપણે આગળ કહી ગએલ છીએ કે આજમ ગવરીશંકર ઉદેશંકરને એડમીનીસ્ટ્રેટર તરીકે નીમવામાં આવ્યા હતા. અને ૧૮૭૧ માં મહારાજા તખ્તસીંગજી રાજકોટ મધ્યેની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરવા પધાર્યા હતા.

જોઈન્ટ એડમીસ્ટ્રેટરોના વખતમાં રાજ્યનાં જુદાં જુદાં ખાતાંમાં ઘણો સુધારો થયો હતો. સને ૧૮૭૪ માં મહારાજા તખ્તસીંગજીએ રાજકુમાર કોલેજ છોડી દઇ કેપટન

એચ. એલ. નટની સંભાળ તળે શીક્ષણ લેવું શરૂ કર્યું હતુ અને તેજ સાલમાં તેઓના લગ્ન તેમના પીતાએ વેવીશાળ કરેલાં હોવાથી ચાર કન્યાઓ સાથે થયાં હતાં. તેમાં ગોંડલ વઢવાણુ, અને વાંકાનેરની ત્રણ રાજ્યવંશી કન્યા હતી અને એક તળાજાવાળાં ગરાશીઆની દીકરી એમ ચાર કન્યા સાથે લગ્ન થયાં હતાં—૧૮૭૫ માં જોઈન્ટ એડમીનીસ્ટ્રેટર મી. પરશીવલ યુરોપ રજા ઉપર જવાથી તેની ગેરહાજરીમાં મેજર જે, ડબલ્યુ .વોટસને કામ ચલાવ્યું હતું.

ગોંડલવાળાં રાણીએ ૧૮૭૫ના એપ્રીલ માસમાં ગાદી વારસને જન્મ આપ્યો હતો જેનનું નામ ભાવસીંગજી પાડવમાં આવ્યું છે.

આ ગોંડલવાળાં રાણી એજ વર્ષના નવેમ્બર માસમાં મરણ પામ્યાં હતાં. સને ૧૮૭૬ માં યુવાન ઠાકોર સાહેબ સર તખ્તસીંગજી પોતાના શીક્ષક કેપટન નટ સાથે હીંદની મુસાફરીએ નીકળ્યા હતા. અને તેઓ દીલ્લી, આગ્રા, કલકતા; અલ્હાબાદ, ગ્વાલીઅર, ઈંદોર, લાહોર, અમૃતસર, લખનોર, બીનારસ, હરીદ્વાર, ભરતપુર, મસુરી અને બીજાં ઘણાં શેહેરોની મુલાકાત લીધી હતી. આ મુસાફરીએથી પાછા ફર્યા પછી તેમણે પોતાની સ્વર્ગવાસી રાણીની યાદગીરી રાખવા એક આરસ પહાણનુ પુતળું બંધાવવું શરૂ કર્યું હતું તેમજ

પોતાની એ સ્વર્ગવાસી રાણીના નામની એક કન્યાશાળા રૂવાપરીના દરવાજા પાસે સ્થાપી છે. મી૦ પરસીવલ રજા ઉપરથી આવીને ૧૮૭૬ ના માર્ચ માસમાં પોતાનો હોદ્દો લીધો. પછી મહારાજા આજમ ગૌરીશંકર ઉદેશંકર સાથે દીલ્હી ખાતે ૧૮૭૭ ના જાન્યુવારીની પહેલી તારીખે ભરાયેલી શાહેનશાહી દરબારમાં હાજર થવા ગયા હતા જ્યાં તે વખતના વાઇસરાય લોર્ડ લીટને મહારાણી શ્રી તરફથી મહારાજા સાહેબને એક વાવટો બક્ષીસ ને તેમને મળતા અગ્યાર તોપના માનમાં વધારો કરી પંદર તોપ કરી હતી. આ વખતે તેમના કાબેલ અને જુના દીવાન આજમ ગૌરીશંકરને સી. એસ. આઇનો ખીતાબ આપવામાં આવ્યો હતો. ૧૮૭૭ નાં ફેબ્રુવારી માસમાં મી. પરશીવલની સોલાપુર જીલ્લામબદલી થવાથી જોઇન્ટ એડમીનીટ્રેશન તરીકે મેજર જે, ડબ્લ્યુ વાટશનને નીમવામાં આવ્યા હતા. એજ વર્ષના માર્ચ માસમાં આજમ ગૌરીશંકરને તેમના દીવાન તરીકે આગલા હોદ્દા ઉપર નીમી મહારાજા સાહેબને મેજર વાટસન સાથે જોઇન્ટ એડમીનીસ્ટ્રેટર તરીકે નીમવામાં આવ્યા હતા અને મુંબંઇ સરકારે એક ઠરાવ બહાર પાડી ભાવનગર સ્ટેટની કુલ સત્તા તેના રાજ્યકર્ત્તાને ૧૮૭૮ ના એપ્રીલ માસમાં સોપવાને જણાવ્યું હતું.

પ્રકરણ ૪ થું.

ચાલતી સાલના જુન માસમાં મેજર વાટસનની કર્નલ લાની જગ્યાએ રાજ્યસ્થાનીક કોર્ટના આકટીંગ પ્રેસીડંટ તરીકે નીમણુંક થઈ હતી અને જુલાઈ માસમાં તેણે ભાવનગર જોઇન્ટ એડમીનીટ્રેટરનો અખત્યાર કર્નલ પારને સોપ્યો હતો. કર્નલ પારના વખતમાં મુંબઈના ગવરનર સર રીચર્ડ ટેમ્પલે ભાવનગરની મુલાકાત લીધી હતી અને તેમણે ધ્રાંગધ્રાના રાજ સાહેબ માનસીંહજી જેઓ દીલ્લી મધ્યેની શેનશાહી દરબારમાં નાદુરસ્ત તબીઆતને લીધે હાજર થઈ શકયા નહોત, તેમને ભાવનગરમાં વાવટો બક્ષ્યો હતો.

આ વખતે નામદાર ગવરનરે હાઈસ્કુલ ખુલ્લી મુકવાની ક્રીયા કરીને એક અસરકારક ભાષણ કર્યું હતું. ૧૮૭૮ ના એપ્રીલની તા૦ ૫ મી એ નામદાર મહારાજા રાઓળ શ્રી તખ્તસીંહજીને રાજ્યાભીષેક કરવાની ક્રીયા પોલીટીકલ એજન્ટ મી. પીલે કરી હતી, જેમણે આ પ્રસંગને અનુસરતું ભાષણ કર્યું હતું. જે વખતે જોઇન્ટ એડમીનીસ્ટ્રેટર કર્નલ પાર, રાજ્યસ્થાનીક કોર્ટના પ્રેસીડંટ મેજર વાટસન, ગોહીલવાડ પ્રાંતના આસીસ્ટંટ પોલીટીકલ એજંટ મી. પરસીફીટઝ જેરલ્ડ, સ્ટેટ એનજીનિયર મી. પ્રોકટર સીમ્સ, સર્વે સુપરીટેન્ડ મી. ફરનાન્ડેઝ, દીવાન આજમ ગૌરીશંકર ઉદેશંકર સી. એસ

આઈ ઓઝા, જુનાગઢના દીવાન રા. બા. ગોકળજી સંપતરામ ઝાલા, મોરબીના જોઈન્ટ એડમીનીસ્ટ્રેટર રા. બા. શંભુપ્રશાદ વીગેરે, યુરોપીયન તથા દેશી અમલદારો અને ગૃહસ્થોની મોટી સંખ્યા હાજર હતી. મહારાજા સર તખ્તસીંગજીના ભાઇ જુવાનસીંગજી જેઓ ૧૮૮૧ ના એપ્રીલ માસમાં રાજકોટની રાજકુમાર કોલેજના પ્રીનસીપાલ મી. મેકનાટન સાથે યુરોપ જઈ આવ્યા હતા, તેઓ સને ૧૮૮૪ માં મૃત્યુ પામ્યા હતા. તેમની યાદગીરી કાયમ રાખવા માટે નામદાર મહારાજાએ ૧૮૮૫ માં ભાવનગરમાં એક ધર્મનું દવાખાનું બંદરના દરવાજા બહાર કાચી જેલ પાસે બંધાવ્યું છે. તથા તેમના ગીરા રૂપિયામાંથી દેવસ્થાન બંધાવ્યું છે..

મહારાજાને રાજ્યનો કુલ અખત્યાર મળ્યો તે વખતે રાજ્યના જામદારખાનામાં રૂ૫૧૮૬૪૨૨ ની રોકડ પુરાંત હતી. તેમના પ્રસીદ્ધ દીવાન આઝમ ગૌરીશંકર ઉદેશંકરે ૧૮૭૯ ના જાન્યુઆરીમાં માસમાં વૃદ્ધાવસ્થાને લીધે હોદ્દો છોડી દેવાથી તેમની જગ્યા તેમના ભાણેજ આઝમ પરમાનંદદાસના પુત્ર આઝમ સામળદાસને આપવામાં આવી હતી. પરંતુ તેમના અકાળમૃત્યુથી તેમનો હોદ્દો તેમના પુત્ર આઝમ હાલના દીવાન સાહેબ વીઠલદાસને ૧૮૮૪ ના સપ્ટેમ્બર માસમાં આપવામાં આવ્યો હતો.

પ્રકરણ ૫ મું.

નામદાર મહારાજા સાહેબે દીવાન સામળદાસની યાદગીરી રાખવા ભાવનગરમાં પબ્લીક ગાર્ડન પાસે તેમના નામની સામળદાસ કોલેજ બંધાવી છે, જે ૧૮૮૫ ના જાન્યુઆરી માસની તા૦ ૭ મી એ ખુલ્લી મુકવામાં આવી હતી રાજકોટની રાજકુમાર કોલેજ મધ્યે એક હોલ બાંધવા મહારાજાએ રૂ૧૨૫૦૦૦ આપવા ઉપરાંત ત્યાંની આજી નદી ઉપર કયસરેહીંદ નામનો પથરનો ગંજાવર પુલ બાંધવા માટે રૂ૧૨૦૦૦ આપ્યા હતા. તેમના વખતમાં ૨૦૧ માઇલ લંબાઇની ચૌદ માસમાં ભાવનગર ગોંડલ રેલવે બંધાઇને ૧૮૮૦ ના ડીસેમ્બર માસમાં ખુલ્લી મુકાયેલી છે તે પછી રૂ૧૬૦૦૦૦ ને ખર્ચે મુંબઇની ગોદીમાં ભાવનગર નામે આગબોટ બંધાવી ને ૧૮૭૯ માં સ્ટેટના વેપારની વૃદ્ધિ નીમીત તેમ લોકોના જવા આવવાના સુખ માટે ભાવનગર અને સુરત વચ્ચે ફરતી કીધી હતી. તેમને ભાવનગરમાં રૂ૭૦૦૦૦ ને આશરે ખર્ચે એક સુંદર ઇંગ્રેજી, ગુજરાતી, નીશાળ બંધાવી છે, અને એક બાળ રક્ષકગૃહ પણ સ્થાપેલું છે. મહારાજા સાહેબ સને ૧૮૮૭ ના જુન માસમાં ઇંગ્લાંડ મધ્યેની નોર્થબ્રુક કલબને રૂપીઆ એક લાખની મદદ આપવાથી પાટવી કુંવર પ્રીન્સ ઓફ વેલ્સે કલબના મકાનને ખુ-

ટ્લુ મુકવાની ક્રીયા કરતી વખતે મહારાજાનો જાહેર રીતે ઉપકાર માન્યો હતો. જ્યોતિઃશાસ્ત્રને લગતી સ્પેકટ્રોસકાપીક લેબોરેટરી, મુંબઇની એલફીસ્ટન કોલેજમાં સ્થાપવા તેમણે રૂ૫૦૦૦ ની રકમ આપી છે. ૧૮૭૭–૭૯ માં કાઠીયાવાડમાં ફેલાયેલા દુકાળ વખતે પોતાની કંગાળ પ્રજાને મદદ કરવા ઉપરાંત દુકાળમાં પીડાતા કાઠીઆવાડના બીજા લોકોને રૂ૧૫૦૦૦ ની મદદ કરી હતી. તેઓ પોતાના રાજ્યની કેલવણી પાછળ પ્રતિ વર્ષે રૂ૪૦૦૦૦ કરતાં વધુ ખર્ચ કરતા હતા રાજકોટ ઇંગ્રેજી એજન્સી મધ્યેના કેટલાક જાહેર ખાતાઓમાં રૂ૧૭૦૦૦ ની મદદ આપતા હતા. તે શીવાય તેઓ તરફથી જાહેર ધર્મ ખાતાઓમાં રૂ૨૫૦૦૦૦ કરતાં વધારે આજ સુધીમાં અપાઇ ચુકયા છે. મુંબઈની એલફીનસ્ટન કોલેજ તથા આર્ટ સ્કુલ અને પુનાની એનજીનીયરીંગ કોલેજમાં મહારાજા તરફથી સ્કોલરશીપો સ્થપાયેલી છે.

રાજ્યની આવક આસરે ૪૧૦૦૦૦૦ ની છે અને અંગ્રેજ સરકારને રૂ૧૫૪૯૧૭ ની સામટી ખંડણી તરીકે ભરવામાં આવે છે. તેમની રૂપૈયા દસ લાખ જેટલી જાહેર સખાવતો જાણી મહારાજા શ્રી એ પોતાની વર્ષ ગાંઠની ખુશાલીમાં કે, સી, એસ, આઈનો માનવંતો ખીતાબ બક્ષ્યો હતો, જે બક્ષવાની ક્રીયા રાજકોટમાં ૧૮૮૧ ના જાન્યુઆરી માસની

તા૦ ૧૭ મી એ થઈ હતી, ૧૮૮૬ ના વર્ષારંભમાં નામ દાર મહારાજાને સી, એસ, આઇનો જે ખીતાબ બક્ષવામાં આવ્યો હતો તે અર્પણ કરવાની ક્રીયા નામદાર ગવરનર લોર્ડરે એ ૧૮૮૬ ના ડીસેમ્બર માસની તા૦ ૧૦ એ રાજકોટ મુકામે એક ભવ્ય દરબાર ભરીને કરી હતી. તે શુભ અવશરે જામનગર, ધ્રાંગધ્રા, મોરબી, વઢવાણ, લીંબડી, લખતર, વીગેરેના આશરે વીશ રાજ્ય વંશીઓ પોતાના રસાલા અને કચેરી મંડળ સહિત પધાર્યા હતા. આ ભવ્ય સભા મંડપમાં નામદાર ગવરનર લોર્ડ રેએ ભાવનગરના મહારાજા તથા તેમના રાજ્ય કાર્યભાર વીશે ભાષણ દ્વારાએ સંતોષ જણાવીને કેળવણીને અપાતું ઉત્તેજન રેલવે વીગેરે વ્યાપાર વૃદ્ધિના સાધનોમાં વધારો અને દેશ કલ્યાણની ઉતકંઠા તરફ મહારાજા તરફ તખ્તસીંહજીના ઉત્તકૃષ્ટ લક્ષ વિશે સ્તુતિ કરીને વફાદારીની એક કિમતિ યાદી તરીકે મજકુર ખીતાબ મહારાણી શ્રીએ બક્ષેલો સુચવ્યો હતો. નામદાર ગવરનર જ્યારે રાજકોટથી મહારાજાના રાજ્યના સુધારા જોવા ભાવનગર પધાર્યા હતા, ત્યારે તેઓ તે સુધારા જોઈ ઘણો આનંદ પામ્યા હતા. મહારાજા સાહેબે માનવંતો ખીતાબ લઇને ભાવનગર પાછા ફર્યા તેની ખુશાલીમાં રૈયત ઉપરના કેટલાક કરોમાં ઘટાડો કર્યો હતો જેથી ભાવનગરની પ્રજાના માણસો

ઘણાં ખુશી થયા હતાં મહારાજા તખ્તસિંહજીએ ૧૮૬૯ ના જુલાઈ માસની તા૦ ૫ મી એ શહેરના મુખ્ય મુખ્ય માણસોને આમંત્રણ કરીને સ્વરાજ્યનો હક આપવાથી રાજી છો કે કેમ એવું પુછવા માટે બોલાવ્યા હતા અને પાછળથી પોતાના હમેશાંના ઉદાર સ્વભાવ પ્રમાણે એ હક પોતાની પ્રજાને બક્ષ્યો હતો.

લાઠી, પાલીટાણા અને વળાના રાજ્ય કર્તાઓ મહારાજા સર તખ્તસીંહજીના ભાયાત થાય છે, કાઠીયાવાડના પહેલા વર્ગના રાજ્યોમાં ભાવનગરનું રાજ્ય આવેલું છે અને ગોહેલ વાડ પ્રાંતના પુર્વ ભાગમાં છે. ભાવનગરના રાજ્યમાં કપાસ જથાબંધ ઉગાડવામાં આવે છે, ભાવનગરનું રૂ વિલાયતની બજારમાં પણ આજકાલ વખણાય છે તથા સારો ભાવ આવે છે તેનું મુળ કારણ ખેડુતોનો ખેતીવાડી સુધારવા ખાતે ઉત્સાહ વધે તેથી ખેડુતોના કરમાં ઘટાડો કર્યો હતો. તેથી ખેડુતોને ફાયદાની ખાત્રી કરી આપીને રૂનું વાવેતર વધરાવવાની કોશિશ કરવાથી હમણાં શ્રી સૌરાષ્ટનું જેટલું રૂ શ્રી મુંબાઈ નગરીથી વીલાયત ખાતે ચઢાવવામાં આવે છે તેના લગભગ અરધા ભાગનું રૂ ભાવનગર બંદરેથીજ ચઢાવવામાં આવે છે. મહારાજા સાહેબની કીર્તીમંદ કારકીર્દીની શરૂઆતથી પ્રજાના વ્યાપાર રોજગારની આબાદીની ઈચ્છતા જોઈએ

છીએ. વ્યાપારથી દરેક પ્રજાની આબાદાની વધવાનું કારણ ત્યાંના ધીકતા વ્યાપારનુંજ જાણી લેવું. આ રૂડા સૌરાષ્ટનો વ્યાપાર નગરમાં ગાંસડીઓ બાંધવાની તથા રૂ કાંતીને કપડ બનાવવાના મોટા કારખાનાં વિગેરે સાંચાકામ લાવવાની સગવડતા કરી આપી અને એવી લાભકારક સગવડ તાને લીધે થોડી મુદતમાં ૧૨ પ્રેસ તથા એક મોટી મીલ સૌરાષ્ટની અંદર પહેલીજ આ સંસ્થાનમાં ધમધોકાર ચાલેછે

પરોપકાર કરવાથી પરમ યશ પ્રાપ્ત થાય છે અને એવા. પ્રજાપયોગી પરોપકાર યુકત કામો કરવા ઉપર મરહુમ મહા રાજા તખ્તસીંગજીની નજર દોડેલી હતી અંગ્રેજ કવી અલેક- ઝાંડર પોપ ગાય છે કે:—

Oneself approving hour whole years out weighs of stupid starers and of loud huzzas.

મતલબ—હજારો લોકો તાળીતાદથી તમને માન આપે તેથી તમને જે આનંદ ઉપજે છે તેનાં કરતાં તમારૂં ખાલેશ હૈડું તમારાં પોતાના કામો પસંદ કરી જે ખુશાલી તમને બક્ષે છે તે વધારે પવીત્ર છે.

એવી પવીત્ર ખુશાલી આપણા પરોપકારી મહારાજાને થવી જોઇએ. આપણે હવે ટુંકામાં પ્રજાપયોગી કામની નોંધ ટપકાવીશું. ભાવનગરનું બંદર શહેરથી લગભગ બે મૈલને

સુમારે દુર છે, ત્યાં પાણીની અતિશય અછત હોવાને લીધે લોકોને બારે માસ બહુ પીડા વેઠવી પડતી હતી. એવી પીડા મટાવવાને માટે શહેરમાંથી બંદર સુધી પાણી લઈ જવાની બડી પંચાત હતી; તેથી મહારાજા સાહેબે પોતાની નજર પહોંચાડીને બંદરની નજદીક એક અતિ વીશાળ તળાવ બંધાવીને તેમાં ગઢેચી નદી વાળી લીધી છે. તે તળાવના બાંધકામમાં પણ અદ્‌ભૂત જુકિત છે. એ જુકિત એવી તરેહની છે કે દરીઆ તથા તળાવની વચમાં મજબૂત બંધ બાંધીને તેમાં સ્લુશો રાખવામાં આવ્યા છે તેથી કરીને જરૂરની વખતે તળાવનું પાણી દરીઆમાં કાઢી નખાવી શકાય પણ દરિઆનુ પાણી એ તળાવમાં ભળી શકે નહીં. શ્રી સૌરાષ્ટમાં અગ્નિરથ દોડાવવાની આગેવાનીનુ માન મહારાજા સાહેબે લીધુ હતું. ભાવનગર ગોંડલ રેલવે બાંધવાની યોજના ઘડી હતી અને તે રેલવે માર્ગ તૈયાર કરતાં આપણા આ કાઠી રાજ્યને માથે સુમારે રૂ૭૦૦૦૦૦૦ સીતેર લાખ રૂપૈયાનું રાક્ષસી ખર્ચ થયું હશે, પણ તેથી એટલે દરજે વ્યાપાર ખીલેલે છે કે ભાવનગરના ભાગ્યશાળી રાજ્યને એ રકમ ઉપર સેંકડે ચાર ટકા ઉપરાંત વ્યાજ ઉપજે છે. ન્યાયખાતું એ દરેક રાજ્યનું ભુષણ છે. આ મોટા સૌરાષ્ટ રાજ્યના ન્યાયખાતામાં અનેક તરેહના સુધારા કરવાથી લોકો સુખશાંતીમાં અને

આબાદીમાં વૃદ્ધિ થઈ છે. રાંક અને રાવને માટે ન્યાય મંદિરના દરવાજા અહુરનિશ ઉઘાડા રહેવાથી પ્રજાને અદલ ન્યાય મળવામાં કશી અડચણ નડતી નથી. પોલીસ ખાતાની સ્થાપના કરીને તેના કામ કરવાના ઘણા ઉત્તમ નીયમો બાંધ્યા છે તેથી એ પ્રજા સંરક્ષક ખાતું એવી ઉત્તમ રીતે પોતાનું કામ બજાવે છે કે પરાયા તાલુકાની પોલીશ જે ગુન્હાઓ પકડવાને અશકિત બતાવે છે તેવા છુપા ગુન્હાઓ આ રાજ્યની ચાલાક પોલીસ પકડીને અતિ બહાદુરીથી પ્રકટ કરે છે. કેદી લોકોને રાખવાની આગલા વખતની કઢંગી રીતભાત જોઈને આજના લોકોને કરૂણા આવે છે. એવી કરૂણા અંતઃકરણમાં આણીને દયાળુ મહારાજાશ્રીએ તળ ભાવનગરમાં એક મજબૂત અને સઘળી તરેહની સોઈવાળું બંદીગૃહ બંધાવેલું છે. એ મકાનના બહુધા વખાણ થાય છે અને મુંબાઈ ઇલાકાની અંદર એ બંદીગૃહની બરાબર કરી શકે એવું બીજું કારાગૃહ નથી એમ કહેવાય છે.

પ્રકરણ ૬ ઠું.

પહાડી સૌરાષ્ટ્રમાં સુખદાયક સડકનું નામ નહતું એ અગત્યનો સુધારો ભાવનગરના ભાગ્યવંતા રાજ્યમાં પ્રથમ દાખલ કરીને રાજ્ય નગર ફરતી, બંદર અને રૂવાપરી જવાની

ભાવનગરથી રાજકોટ જવાની અને ખુદ સંસ્થાનની હદ હસા સુધી સડકો બંધાવીને પ્રજાને સુખ કરી આપ્યું છે. રાજ્ય સુધારાને માટે તથા પ્રજા કલ્યાણર્થે ભાવનગરના ભવ્ય રાજ્યમાં જાહેરબાંધ કામ ખાતું એક અંગ્રેજ અમલદારના હાથમાં સોંપીને સડકો, પુલો, ડક્કા, પ્રજાપયોગી અને રાજ્યોપયોગી મનહુર મકાનો તથા પાણી પુરાં પાડવાની શુભ યોજના વીગેરે સુધારાના કામો કરાવીને પ્રજાનો આશિર્વાદ લીધો છે. આજકાલ સૌરાષ્ટના કોઈ પણ સંસ્થાનમાં એવું ઉત્તમ પાયાપર અને ઉદારતાથી ચાલતું એક પણ ઇજનેર ખાતું નથી કે જે ભાવનગરના આ ઉપયોગી ખાતા બરાબર કરી શકે. બ્રીટીશ સરકારે પણ પ્રસંગોપાત ભાવનગરના જાહેર બાંધકામ ખાતાની અનેકવાર જાહેર પ્રસંશા કરી છે. મ્યુનીસિપાલ અથવા શહેર સુધરાઇ ખાતું એ દરેક સુધરેલાં સંસ્થાનની મગરૂરી છે. આ રાજ્યની અંદર મ્યુનીસીપાલ ખાતાં તથા રોગશાંતી શાળાઓ સ્થાપીને પરદુઃખ ભંજન મહારાજા તખ્તસીંગજીએ પ્રજા આરોગ્યતામાં તથા શહેરની શોભામાં વૃદ્ધિ કરી છે.

વિદ્યા વૃદ્ધિ વડે દરેક પ્રજાની આબાદાની વધે છે, એ આપણે પુસ્તના સંબંધમાં જોઇએ છીએ. સને ૧૮૫૬ પહેલાં શ્રી સૌરાષ્ટમાં જેને નીશાળનું રૂપ આપી શકાય, એવી એક

પણ સારા પાયાપર નિશાળ નહોતી, પણ મુંબઈના સુબા ગવરનર લોર્ડ એલફિન્સ્ટનની સલાહ પ્રમાણે શ્રી સૌરાષ્ટ્રમાં ઠેકાણે ઠેકાણે ગુજરાતી અને ઇંગ્રેજી નીશાળો સ્થાપીને નિશાળોની સંખ્યામાં વખતો વખત એટલો બધો વધારો કર્યો છે કે તળપદ ભાવનગર શહેરમાંજ પંદર કરતાં વધારે નિશાળો છે. આ કેલવણીને પણ તન મન ધન વડે સહાયતા કરી છે. કન્યાઓને ભણવા માટે શાળાઓ સ્થાપીને આ શિક્ષક બોલાવી સઘળી તરેહથી ઉત્તેજન આપવાનો સુયશ લીધો હતો.

આં સિવાય ભાવનગરના રાજ્યના ભાગ્યોદયને માટે મહારાજા સાહેબે સંખ્યા બંધ સ્તુત્ય કૃત્યો કર્યાં છે. તેમાંના કેટલાંક આપણે આ તકે સંભારવાં જોઇએ પ્રથમ આ સ્વસ્થાનની વાર્ષિક પેદાશ રૂ૮૦૦૦૦૦ આઠ લાખ કરતાં અધીક નહોતી, તે બહુ દીર્ઘ દૃષ્ટિથી અને ડહાપણ ભરેલી રાજ્ય નીતિ વડે વધારીને રૂ૪૧૦૦૦૦૦ એકતાળીશ લાખ કરતાં પણ વધારે કરવાને શકતીવાન થયા હતા. ભાવનગર વસ્યુ ત્યારથી ત્યાંના વિશાળ બંદરમાં પેશવા તથા સુરતના કિલ્લેદાર સિદીનો અમુક ભાગ હતો. તે ભાગનો વહીવટ શ્રી સરકારે ઈ. સ. ૧૮૮૬ સુધી કર્યો, વિદ્વતા ભરેલી લાંબી તકરાર ચલાવીને અંતે એજ શાલમાં સરકાર સાથે નવી ટ્રીટી કરાવીને ભાગ મોકુફ કરાવ્યો.

તરી અને ખુસ્કીની જગ્યા તો સમુળગી કહાડી નાખી તથા વ્યાપારની છૂટ કરીને વેપારીઓને ઉત્તેજન આપવાની આગેવાની કરી હતી. ભાવનગર ઉપર અગાઉ થયેલા તથા સંસ્થાન વીરૂદ્ધ ચુકવાઈ ગયેલા દાવાના સંબંધમાં પોલીટીકલ એજંટ મારફતથી કરવામાં આવેલા ૭૦ ઉપરાંત મ્હોસલનો દર માસે રૂ૧૫૦૦ પંદરસો ઉપરાંતનો દંડ એ કાઠી રાજ્યને માથે પડતો હતો રાજ્યની નાણાં સંબંધી સ્થીતી પણ તે વખતે સારી નહોતી, તેથી દીવાન શ્રી એ પ્રથમ નાણાં સંબંધી સ્થીતી સુધારવાનું લક્ષપર લીધું, ત્વરીત તેઓ. પોલીટીકલ એજંટ કર્નલ લેંગ સાહેબની સ્વારિમાં ગયા અને અલ્પકાળમાં સઘળા દાવાનો ફડચો કરાવી મ્હોસલની દરખાસ્ત મેળવી. એ નિર્ણય એવા સમાધાની ભરેલા થયા હતા કે તે સંબંધી અદ્યાપિ પર્યંત કશા વાંધા કે સવાલ ઉત્પન્ન થયા નથી.

એ સમયમાં વળી ભાવનગરના રાજ્ય માથે રૂ૨૦૦૦૦૦૦ વીસ લાખ ઉપરાંતનું વ્યાપારી લોકોનું દેવું હતું; તે થોડા વરસની અંદર મહારાજા સાહેબે પતાવી દઈ, દેવામાંથી સોરાષ્ટી સંસ્થાનને મુકત કરવામાં આવ્યું. તે વખતે નાણાની અતીતંગીને લીધે ભાવનગર દરબારને આરબ બંદીના જમાદાર નાસીરની બાંહ્યધરીનું રૂ૬૦૦૦૦૦૦ સાઠ લાખનું દેવું

ર્યું હતું, એ દેવું બહુ પ્રયત્ન કરતાં છતાં પણ દરબારથી પતાવી શકાય એવું ન રહ્યું, ત્યારે એ જમાદારના વંશજોએ સાલે અને તાલબેગે સને ૧૮૩૯ માં મહુવાનો મ્હોટો અને રશાળ મહાલ શીરજોરીથી કબજે કરી લીધો, અને તેમાં દરબારી અમલદારો હતા તેમને અનેક તરેહથી સતાવવા માંડયાં આ કામની તકરાર છેક સને ૧૮૮૧ સુધી ચાલી હતી. તે દરમ્યાન દયાળુ મહારાજાશ્રીએ ઘણીજ સુકત પૂર્વક અને સુલેહ-સમાધાનીથી આરબ જમાદારનીએ મોટી રકમના દેવાનો પોલીટીકાલ સાહેબની સમક્ષ ઘર મેળે નીકાળ કર્યો; અને જે જે લેણદારો માટે એ આરબો બાહદર હતા, તેઓનું પણ દેવું પતાવી દીધું, તથા દરબાર શ્રી તરફથી મહુવા મહેસલને નિર્વિઘ્ને કબજો કર્યો. તેજ દરમ્યાનમાં ભાવનગરના રાજ્ય વિરૂદ્ધ જુનાગઢે ફરિઆદ કરી કે કુંડલા પ્રગણાના ૭૯ ગામો મુળ જુનાગઢ તાબાનાં છે, અને તે ભાવનગરે ગેર કાયદેસર કબજે કર્યાં છે ઉત્તરોત્તર થયેલ સોરાષ્ટના તમામ પોલિટીકલ એજંટોએ વારા ફરતી આ કામની તપાસ કરેલી પણ છેવટ માજી પોલિટીકલ એજંટ મેજર જેકબે જુનાગઢના લાભમાં તેનો ઠરાવ કરી; એ ગામોનો કબજો જુનાગઢને સોંપી દેવાની મંજુરી માટે સરકારમાં રીપોર્ટ કર્યો, પરંતુ મુંબઈ સરકારે એ ઠરાવ ધ્યાનમાં લઈ એવો ઠરાવ કર્યો કે એ ગામો ઉપર ભાવનગરની લાંબી મુદતથી હકુમત ચાલે

છે, એટલે તે છોડવવાની ભાવનગરને જરૂર પાડવી તે અયોગ્ય છે. જેથી તે ગામોનો કબજો જુનાગઢ પાસે હોત તો તેને શું ઉપજ થાત તેનો આંકડો મુકરર કરવામાં ભાવનગર દરબાર તરફથી દીવાનશ્રી હતા, તેથી તેમણે દાખલા દસ્તેવાજે તથા બહુ મજબુત દલીલો વડે પોલીટીકલ કર્નલ લેંગ સાહેબની ખાત્રી કરી આપીને દર સાલ ૩૯૦૦૦ ની રકમ આપવાનો ધરએ(?)જે ઠરાવ કર્યો. એ ૭૬ ગામોની વાર્ષિક ઉપજ હાલ ત્રણથી ચાર લાખ રૂપૈયા સુધીની ભાવનગર દરબારશ્રીને થાય છે.

પ્રકરણ ૭ મું.

ઇ. સ. ૧૮૭૨ ની ગણત્રી પ્રમાણે આખા રાજ્યની વસ્તી ૪૨૯૫૦૦ માણસની છે, અને ક્ષેત્રફળ ૩૧૮૪ ચોરસ માઇલ છે. ભાવનગર શહેરની વસ્તી ઈ સ. ૧૮૮૧ ની ગણત્રી પ્રમાણે ૪૮૭૯૨ માણસની છે. મહારાજા સર તખ્તસીંગજી ઈ. સ. ૧૮૮૭ ના નવેંમ્બર માસની તા. ૨૧ મીએ જ્યારે ભાવનગરથી સ્પેશીયલ ટ્રેનમાં આવ્યા પછી નામદાર ગવરનર લોર્ડરેની મુલાકાત લેવા માટે પુને થઇને મહાબળેશ્વર ગયા હતા, તે વખતમાં તેમનો મુંબઇ તેમજ પુનામાં માનપત્રો તથા ઈવીનીંગ પાર્ટીઓ ઈત્યાદી ઘણો સારો સત્કાર

થયો હતો. નામદાર મહારાજાએ પોતાના રાજ્યના મુખ્ય ખાતાઓના ઉપરીઓની એક કાઉન્સીલ ૧૮૮૮ ના એપ્રીલ માસમાં સ્થાપી છે, પ્રજાને લાભકારી થઈ પડી છે. આપણે આગળ કહી ગયા છઇએ કે મહારાજા તખ્તસીંહજીનો જન્મ દીવસ ૧૯૧૪ના પોશ વદી સાતમને દીને થયો હતો. ૧૯૩૦. ના અશાડ સુદ ૩ દીને પરણ્યા હતા ૧૯૩૧ ના ચૈત્ર વદી પાંચમને રોજ પાટવી પુત્ર ભાવસીંગજીનો જન્મ આપ્યો હતો

૧૯૩૪ના ચૈત્ર સુદ ૩ ને દીવસે મહારાજા સાહેબને સ્વતંત્ર રાજ્યની પદવી મળી હતી. ૧૯૩૭ ના જેઠ સુદ ત્રીજને દીવસ બીજા કુંવર મંગળસીંહજીનો જન્મ થયો હતો ઈ. સ. ૧૮૮૨ ના જાનેવારી મહીનાની ૧૭ મી તારીખે મહારાણીએ મહારાજા સાહેબને કે, સી, એસ, આઈનો ખીતાબ આપ્યો હતો. ઈ. સ. ૧૮૮૬ ના મે માસની તા. ૨૪ મી એ મહારાણીશ્રીની જન્મગાંઠને દીવસે મહારાજા સાહેબને જી. સી. એસ. આઇનો ખીતાબ મળ્યો હતો. સને ૧૮૯૧ ના માર્ચની ૧૯ મી તારીખે આક્ટીંગ પોલીટીકાલ એજંટ કર્નલ હોંકોક સાહેબે આવીને મહારાણી તરફથી મહારાજા સાહેબનો ઇલકાબ આપતી વખતે રાજ્ય નીતિના ઘણાં વખાણ કરેલ છે. મહારાજા સાહેબની ધર્મ ઉપર આસ્થા ઘણીજ હતી, તેમણે રૂવાપરી માતાનું તેમજ જગંનાથનું દેવસ્થાન ૧૯૪૭ ના ચૈત્ર સુદ ૮ મે સમરાવ્યું છે. સને

૧૮૯૨ માં મહારાજા સાહેબ વિલાયતની મુસાફરી કરવા ગયા હતા ત્યાં તેનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો, તેમજ તેજ સાલમાં મહારાણી સાહેબે એલ, એલ, ડીની ડીગ્રી બક્ષી હતી. મહારાજા સાહેબ સને ૧૮૯૩ ની સાલમાં વિલાયતથી ભાવનગર પાછા પધાર્યા તે વખતે રૈયત તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં તેજ સાલમાં એટલે ૧૮૯૪ ના મહા સુદ ૪ ને રોજથી યજ્ઞો, સપ્તસતીના પાઠો, ૧૦૮ પારાયણો, મહારૂદ્ર વીગેરેનો આરંભ કર્યો હતો, મહા સુદ ૧૧ ને દીવસે દેવપ્રતિષ્ટાની સમાપ્તી કરી બ્રાહ્મણોને યોગ્ય દક્ષણા ઓ આપી હતી. ભાવનગરના પાટવી કુંવર ભાવસીંગજીના લગ્ન દેવગઢ બારીયાના રાજા માનસીંગજીની પુત્રી દેવકુંવર બા સાથે મહા વદી ૪ ને રવીવારે થયાં. મહા સુદ ૧૩-૧૪ ભાવનગરમાં ભાવસીંગજી ભાઈનું ફુલેકું ચડાવવામાં આવ્યું હતું, અને મહા સુદ ૧૫ ને રોજ આતસબાજી ફોડાવવામાં આવી હતી.

પ્રકરણ ૮ મું.

મહારાજા સાહેબ ઘણાજ ઉદાર, નમ્ર, સુનીતિમાન અને ધર્માષ્ટ હતા. મરહુમ મહારાજા તેમના વડીલોથી ધર્મ કાર્યો કરવામાં ઘણે દરજે ચઢીયાતા હતા. ગરીબોને શીયાળામાં

લુગડાં, વરસાદ ઋતુમાં છત્રી, ભુખ્યાને અન્ન અને તરસ્યા ને પાણી આપનાર તેઓજ હતા. હિંદુસ્તાન અને ઠેઠ વીલાયત સુધી મુસાફરી કરી સર્વની પ્રીતી સંપાદન કરી, વખતો વખત તેઓ યૈશ મેળવી મોટા ખીતાબો મેળવ્યા હતા.

પોતાની ટેકનીજ વાત આવે તેવા પ્રસંગમાં એક ખડકના જેવા અચળ દ્રઢ નિશ્ચયવાળા એઓ હતા. તથાપિ એમના જેવા સાદા નિરભિમાની લોકોના કલ્યાણ તરફ જેમનો ભાવ, એવો વિર મળવો ખરે કઠણ છે. હિંદુસ્તાનનું ભાગ્યોદય કોઈ પણ કાળે થાય તો મરહુમ મહારાજા જેવા નરોની સંખ્યા થશે એમાં કાંઇ શક નથી,

પણ આ જગતમાં મરવું, મરવું–અને મરવું એ વીનાં બીજો કોઇ ઇલાજ નથી આ પૃથ્વીમાં જે જન્મે છે તે મરવા માટેજ ? જે ટુંક મુદત આપણે આ દુનિયામાં રહીએ છીએ તેટલી મુદતમાં આપણે સૌ પોત પોતાનું કામ કરી છેલ્લા મુકામ ઉઠાવીએ છીએ. એક નાટકશાળામાં જેમ હજારો પ્રકારના વેશ આવે છે જેમ એક જાતનો વેશ ભજવાઈ રહ્યો એટલે બીજો પછી ત્રીજો એમ આવ્યો જાય છે. તેમ આ દુનિયામાં કોઈ હસે છે અને કોઇ રડે છે અને એ પ્રમાણે નિરંતર ચાલ્યા કરે છે આ આત્મા ક્ષણ ભંગુર છે અને તે પાણીના પરપોટા જેવી છે.

જગતમાં સઘળી વસ્તુ નામે નાશવંત છે જેનું નામ તેનો નાશ છે. એક હોડીમાં બેસીને જનારા મુસાફરોની વચ્ચે જેટલો સંબંધ તેટલોજ આ દુનિઆમાં વસનારાઓ સાથે આપણો સંબંધ તે વખત સુધી આપણે તેઓની સાથે એકઠા રહીએ છીએ, પછી સૌ કોઇ આ દુનિઆનો રસ્તો પકડે છે. વિયોગ એ શબ્દ કેવો ભયાનક છે? આ દુનિઆમાં કેટલી બધી અનિશ્ચયતા છે?

સઘળા પાછળ મોત ભમ્યા કરે છે તથા માણસના પારેલાં કામોમાં ખલેલ કરવાને કેટલા બધા બનાવો બને છે? ટુંક મુદતમાં જુદા પડવામાં પણ ઘણી વાર હંમેશ સુધીનું જુદા પડવાનું થાય છે? તેમ મરહુમ મહારાજા તખ્તસીંગજીથી જુદા પડવાનું છેવટ સુધીનુ થયું છે. તેમનો પવિત્ર આત્મા આ ક્ષણિક દુનિઆમાં ૩૮ વર્ષ ને બાવીશ દીવશે એટલે સંવત ૧૯૫૨ ના મહા સુદ ૧૪ ઈ૦ સ૦ ૧૮૯૬ ના જાન્યુઆરી માસની તા૦ ૨૯ મી ને બુધવારે કિર્તારને શરણ ગયો. બુધવારે સવારે દાન, ધર્મ વીગેરે કરી દેવસ્થાનોની મુલાકાત લઈ સારી સ્થીતીમાં તેઓ એક કલાકમાં આ દુનિઆમાંથી ચલી જશે એમ કોણે ધાર્યું હતું? મરહુમ મહારાજા શ્રી સર્વને સમાન દૃષ્ટીએ જોતા પોતાની પાછળ કુંવરીઓ, બે કુંવરો અને રાણીઓ વીગેરે રાજ્ય કુટુંબના કુર્બને તે-

મણે મહાન ગમગીનીમા મુકયા છે. હજારો અને લાખો મનુષ્યો આ જગતમાં આવ્યા અને ગયા. તેઓની નામ નિશાની કંઇ રહેલી છે? તેઓ પૃથ્વી ઉપર પેદા થયા કે નહીં તેની કંઈ નીશાની નજરે પડે છે? માત્ર ઘણા થોડાની? પણ મરહુમ મહારાજાની માફક થોડા એકતો અડકની મજબુત ઉભા છે અને જો કે તેઓને દુત હરી ગયા તોપણ તેઓની નિશાની હજુ રહેલી છે, અને જાવેદાન તેઓનું નામ અમર રહ્યું છે. એ નિશાનીઓ રહી ગઈ તે શું?

તેમનું નામ તથા આબરૂ સારી નામનાં એ એક અમુલ્યવાન વસ્તુ છે; તેની કિંમત દુન્યાનાં સર્વ સોનાં, રૂપા, હીરા, માણેક, મોતી વીગેરે ઝવેરાત કરતાં શ્રેષ્ઠ છે, દુનિઆનાં ટુંક વખતનાં સુખ તથા મોજ સારૂ જેઓ પોતાનું સારૂ નામ જવા દેછે, પોતાની વ્હાલી આબરૂ જે અમુલ્યવાન વસ્તુ છે તેને ખોવાનું કબુલ કરે છે તે ખરેખર મુર્ખ સમજવા. જ્યારે તેવા આ પૃથ્વીમાં મરે છે ત્યારે જેમ કીડા ભોંયપર ઘસડાતા ચાલતા પગ તળે કચરાઇ જાય છે, અને કોઈ તે પર લક્ષ આપતું નથી, તેમ તેવા મરી જવાથી કોઈ પણ પાછળ યાદ કરતું નથી અને તેવા આ દુનિઆમાં હતા નહોતા એવા થઇ જાય છે. જેમ દરિયાના કીનારાપરની રેતીમાંનાં દાણા ઉડી જવાથી કાંઇ ખોટ માલમ પડતી નથી.

તેમ માણુસોની કુલ સંખ્યામાંથી તેવા ઓછા થવાથી કશીએ ખોટ કોઇને લાગતી નથી. પણ આવા એક ઉપયોગી મરહુમ મહારાજા સર તખ્તસીંહજીના મરણની ખબર સાંભળતાંજ ચોમેર દીલગીરી ફેલાઈ ગઇ. સર્વ કોઈને ખુટ દીસવા માંડી અને જાણે પોતાની પાસેનું કોઈ સગું ગુજરી ગયું હોયની! કહેવત છે કે”

સો જણ મરજો પણ સોનો પાળનાર કદી ન મરજો ઇશ્વર તેમનો સ્વર્ગમાં વાસ કરો અને તેમને મોક્ષને પમાડો એવી અમારી ખરા અંતઃકરણથી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. હવે ચારથી પાંચનો સમય થયો ને મહારાજાશ્રીને માંડવીમાં પધરાવી બહાર કાઢયા અને સૈન્ય વર્ગ દહુન ભુમિકા તરફ જવા લાગ્યું. આસરે સાડા ત્રણથી ચાર હજાર હીંદુ કોમની મોટી સંખ્યામાં પારસી, મુસલમાન, તથા યુરોપિયન લોકોની મોટી સંખ્યા ભેગી થઈ હતી. સર્વ કોઈનું મહોડું ગમગીન લાગતું હતું અને તેમાં પારસી તથા હિંદુની આંખમાં નિરાધાર આંસુનાં ટીપાં વહેતાં લખનારે જોયાં હતાં.

ગમે તેવો કઠણ છાતીનો હશે તોપણ આવો એક ભલો નર આ પૃથ્વીમાંથી છેવટ સુધીનો વાસ કરી જાય છે તેવુ જોઇને કોનું હૈડું તે સમયે નહીં પીગળ્યું હોય!

રાણીઓ તથા હજાર સ્ત્રીઓ તે વેળાએ કલ્પાંત કરતી

સંભળાતી હતી. તેમાં જે રાંડી રાંડો કે જેઓને તેમનો આશ્રય મળતો હતો. તેવી બીચારીઓને કેટલું બધું દુઃખ લાગ્યું હશે તેનો ખ્યાલ વાંચનાર કરી શકશે.

મરહુમ મહારાજાના મરણને લીધે કાપડ બજાર, દરબારી ઓફીસો પોસ્ટ ખાતું, મીલો, કારખાનાં, સ્કુલો દુકાનો વીગેરે આઠ દીવસ સુધી બંધ રાખવામાં આવ્યાં હતાં ઈશ્વર તેમનો સ્વર્ગમાં વાસ કરો અને તેમને મોક્ષ પમાડો એવી અમારી ખરા અંતઃકરણથી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. તથાસ્તુ !

દિલાગરી વિષે કવિતા.

લલીત છંદ.

ત સો થકી સપુત એક જે, આમજ ઉડ ગણો માહીં ચંદ્ર છે;
મુસલમીન કે યુરોપિયન વા, હિંદુ પારસીનો તું બેર ખાસ.
મહદમા જુદી નહીં કદી ગણી, સકળ કામમાં એકયતા બની;
દુર નજર થકી તેં નીહાળીઉં, જન ભલા વિષે શરિર ટાળીઉં.
મરણુ પામીઓ ત્યાં સુધી કીધુ, તન મને ધને માન તેં લીધુ;
ગુણ નહીં ભુલે તું ઉપકારીઓ, પુન્ય તણી કીધી તેંજ બારીઓ.
મુગટના મણી, અરર ભુપતિ, છોડી કયાં ગયા, તખ્ત મહીપતિ;
વર્ષ આડની નહીં ધણાં ખરે, કરમ ફુટીયું હાય હાયરે.
સગીરી મહા છે દીવાનને, તમ કુમાર જે દીલ જાનને;
ી હવે અમીર ઉમરાવરે, ગજબ આ થયો હાય હાયરે.

માલીની છંદ.

હર હર હર શંભુ કોપ કીધો નઠારો,
હર હર હર શંભુ દુ:ખનો નહિંજ આરો.
અજબ ગજબ આજે તખ્તસીંહ સ્વર્ગવાસી,
કહું શું વેણુ દીલ જોડી આજ અતિશે ઉદાસી.

Time and Tide wait for no man.

સમાપ્ત.

આ ગ્રંથને ઉત્તેજન આપનાર સાહેબોના નામની યાદી.

મહારાજા સાહેબશ્રી માનસીંગજી બહાદુર	પાલીતાણા	૧૦
ઠાકોર સાહેબ સર જસવતસીંગજી	લીંબડી	૫
રા. રા. શંકરપ્રસાદ હરીપ્રસાદ દેશાઇ	ભાવનગર	૫
રા. રા. પ્રભાશંકર ગૌરીશંકર ઓઝા	,,	૧
રા. રા. હરીભાઇ વીજેશંકર ,,	,,	૧
રા. રા. સાકરલાલ દલપતરામ હેડમાસ્તર ન્યુ. ઈ. સ્કુલ		૨
રા. રા. પ્રભાશંકર વિ૦ મુળજી આ. મા. ન્યુ. ઈ. સ્કુલ		૨
રા. રા. મણીલાલ વિ૦ રઘુભાઈ ઠકર	,,	૧
રા. રા. રતીલાલ વિ૦ લક્ષ્મણદાસ ઠકર	,,	૧
રા. રા. નાનુભાઈ ચંપકલાલ	ભાવનગર	૧
રા. રા. કૃષ્ણાપ્રસાદ શીવપ્રસાદ	,,	૧
રા. રા. કનૈયાલાલ મગનલાલ ઓઝા	,,	૧
રા. રા. હીરાલાલ મગનલાલ દેશાઇ	,,	૧
રા. રા. મુકનરાય ગીરજાશંકર	,,	૧
રા. રા. દીનકરરાય પ્રતાપરાય મેતા	,,	૧
રા. રા. ચુનીલાલ પ્રભાશંકર વૈદ	,,	૧
રા. રા. મોતીલાલ મણીલાલ દેશાઈ	,,	૧

રા. રા. હીરાલાલ સવાઈલાલ ઓઝા ,, ૧
રા. રા. મુકનરાય નવનીધરાય મેતા ,, ૧
રા. રા. ચુનીલાલ ગવરીશંકર ઓઝા ,, ૧
રા. રા. બાલકૃષ્ન રેલ્વે કલાર્ક ,, ૨
રા. રા. ભીમજીભાઈ ઉજમસી ,, ,, ૨
રા. રા. છોટાલાલ ,, ,, ૧
રા. રા. હીમતસીંગ ,, ,, ૧
રા. રા. જીવનરામ દયારામ ભટ ,, ૧
રા. ર. નારાયન રેલ્વે કલાર્ક ,, ૧
રા. રા. ભાણુજી ત્રીકમજી ,, ,, ૧
રા. રા. માણેકલાલ કુબેરદાસ ઠક્કર ,, ૧
રા. રા. ગીરધારીલાલ હરીમંગળ ભાટીયા ,, ૧
રા રા. મોતીલાલ પ્રજારામ ત્રવાડી મારફત ,, ૧
રા. રા. મુકનરાય ગોવીંદજી ભટ ,, ૧
રા. રા. અમરસીંગ કસળસીંગ રાઠોડ ,, ૧
રા. રા. રામજી પ્રાગજી સોલંકી ,, ૧
રા. રા. જુઠા નારણજી ,, ૧
રા. રા. મુસા ફકીરચંદ ,, ૧
રા. રા. કેશવલાલ ગણપતરામ ,, ૧
રા. રા. રામજી પ્રધાન, ,, ૧

રા. રા. દામોદર ગાંડાલાલ	ધોળેરા	૧
રા. રા. કાનજી કાશીરામ	ભાવનગર	૧
રા. રા. મગનલાલ હરજીવન ભટ	,,	૧
રા. રા. છોટમલાલ ખોડીદાસ જુ ડી. કંપાઉન્ડર	,,	૧
રા. રા. નાનાલાલ ઓઘડભાઈ જુ. ડી. ,,	,,	૧
રા. રા. ચંપકલાલ વિ૦ નર્મદાશંકર આચાર્ય	,,	૧
રા. રા. તુલજાશંકર દયાશંકર સીગ્નલર	જુનાગઢ	૧
રા. રા. વૃજલાલ હરગોવીંદ	ભાવનગર	૧
રા. રા. ઝવેર કાળીદાસ ખત્રી	,,	૧
રા. રા. સામળદાસ બાપુભાઈ	,,	૧
રા. રા. ગોકળદાસ કરશનદાસ સેઠ	,,	[illegible]
રા. રા. જયાશંકર	,,	૧
રા. રા. વૃજલાલ વીઠલદાશ સેઠ	,,	૧
રા. રા. ઇશ્વરલાલાલ દોલતરામ	અમદાવાદ	૧
રા. રા. બેચરલાલ ઓધવજી સેઠ	ભાવનગર	૧
રા. રા. ગગજી રામજીભાઈ રજપુત	,,	૧
રા. રા. પ્રાણજીવન તારાચંદ સેઠ	,,	૧
રા. રા. જગજીવન કરશનદાસ પારેખ	,,	૧
રા. રા. નાનાલાલ ઓઘડભાઇ	,,	૧
રા. રા. ત્રીભોવન ગલાભાઇ ભટ	,,	૧

રા. રા. ગાંડાલાલ જેઠાભાઈ	,,	૧
રા. રા. ભીખાભાઈ ગોપાળજી પારેખ	,,	૨
રા. રા. અંબાશંકર ગૌરીશંકર ભટ	,,	૧
રા. રા. જાદવજી માવજી ગાંધી ભા. તા. સ્કુલ હેડમાસ્તર		૧
રા. રા. વિશ્વનાથ પ્રભુરામ ભટ ભા. તા. આ. સ્કુલ માસ્તર		૧
રા. રા. મુળશંકર જીભાઇ	,, ,, ,, ભાવનગર	૧
રા. રા. લક્ષ્મીરામ હુરીભાઈ ,,	,, ,, ,,	૧
રા. રા. કાળા મીઠા ખવાસ	,,	૧
રા. રા. વેણીશંકર પરશોતમ ભા. તા. સ્કુલમાસ્તર		૧
રા. રા. રેવાશંકર ગગલ	,,	૧
રા. રા. સામતસીંગજી હાજીભાઇ પરમાર	,,	૧
રા. રા. રેવાશંકર ભવાનીસંકર પાઠક ઘરમાહા સ્કુલ હેડમાસ્તર		૧
રા. રા. દયાશંકર કલ્યાણજી જાની ,, આ	,, માસ્તર	૧
રા, રા. તારચંદ વાલજી ભાયાણી ,, આ—,,	,,	૧
રા. રા. કરશનલાલ કુબેરદાસ ફોરમેન ભાવનગર સ્ટેશન	,,	૧
રા. રા. માવજી જીવા ખવાસ	,,	૧
રા. રા. કુબેર હરજી માળી	,,	૧
રા. રા. માનશંકર ગીરજાશંકર ઓઝા	,,	૧

રા. રા. મુળજી જુઠા પટેલ	,,	૧
રા. રા. રતીલાલ લાલજી ઠક્કર	,,	૧
રા. રા મોહનલાલ મણીશંકર	,,	૧
રા. રા. શંકરપ્રસાદ શંભુપ્રસાદ	,,	૧
ર. રા. સમીસ હુમદ કાજી	,,	૧
રા. રા. કુબેર જેઠા મેરાઈ	,,	૧
રા. રા. ગમાભાઈ જીભાઈ	,,	૧
રા. રા. કાકભાઈ મીઠાભાઈ	,,	૧
રા. રા. મારકંડરાય કલ્યાણરાય ઓઝા	,,	૧
રા. રા. નાનુભાઈ ગવરીશંકર ઓઝા	,,	૧
રા. રા. વસંતરાય મહીપતરાત્ર જામનગર હાઈસ્કુલ આ. માસ્તર	,,	૧
રા. રા. શંભુપ્રસાદ પ્રભાશંકર	,,	૬
રા. રા. શંકરપ્રસાદ હુરીપ્રસાદ વોરા	,,	૧
રા. રા. રામપ્રસાદ પ્રભાશંકર	,,	૧
રા. રા. લાલશંકર લક્ષ્મણલાલ ત્રવાડી	વાંસવાડા	૧
રા. રા. તુલજાશંકર વિ૦ ગણપતલાલ	,,	૧
રા. રા. રામજી વનમાળી	ભાવનગર	૧
રા. રા. લાભશંકર દોલતરાય	,,	૧
રા. રા. નરભેરાય વામનરાય	,,	૧

રા. રા. પ્રભાકર	,,	૧
રા. રા. શંકરપ્રસાદ કાળીદાસ	,,	૧
રા. રા દીનકરરાય નરસીંગપ્રસાદ	,,	૧
રા. રા. અબદુલ એદ્રુસ માલ વહીવટદાર	,,	૨
રા. રા અબરૂદીન તબારેઝી સૈયદ	,,	૧
રા. રા. મુહમદ અબદુલા એદ્રુસ સૈયદ	,,	૧
રા. રા. જહાંગીરશાહ હોરમજજી	,,	૧
રા. રા. જગજીવન અમરચંદ	,,	૧
રા. રા. ગણેશ અજરામર	,,	૧
રા. રા. જટાશંકર વિશ્વનાથ	,,	૧
રા. રા. છગનલાલ રામકૃષ્ન મારફત	માંન્ડલ	
વ્યાસ ભીખાભાઈ સાંકળેશ્વર	,,	૧
કંસાર અમૃતલાલ પ્રભુ	,,	૧
વ્યાસ પરશોતમ મનસુખરામ	,,	૧
શા. રા. રાયચંદજી ભગતીવીજયજી	,,	૧
ઘાંચી નથી નાથાભાઈ	,,	૧
શાહ તેજમલ પદમજી	,,	૧
શાહ મફા પરશોતમ	,,	૧
રા. રા. જેશંકર ગોવીંદજી સ્પાંટવેંડર.	,,	૧
શેઠ કંદોઈ કેવળદાસ મેઘજી	,,	૧

ભાવનગર ગેઝીટ સમાચાર

જાહેર ખબર.

લખવાને અત્યંત દીલગીરી પેદા થાય છે કે અમારા માનવંતા પીતા મહારાજા સાહેબ સર તખ્તસીંહજી, ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધી મોસ્ટ એકઝોલ્ટેડ ઓરડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડીયા; એલ. એલ. ડી. મહારાજા સંસ્થાન ભાવનગર એઓ માત્ર બે દીવસનો મંદવાડ ભોગવી આજ રોજ બપોરના બાર કલાક અને પંદર મીનીટે તેમની ઓગણ ચાલીશ વર્ષની વયે આ દુનિયાનો ત્યાગ કરી કૈલાસવાસી થયા છે.

આ અત્યંત દુઃખદાયક અને શોક ભરેલા માઠા બનાવથી લોકોમાં અત્યંત દીલગીરી પેદા થઈ છે. આ રાજ્યનું તમામ ખાતાઓની ઓફીસો સાત દીવસો સુધી બંધ રાખવી, અને અમારી પ્રજાએ માસ ત્રણ સુધી શોક પાળવો, તથા શેહેર ભાવનગરમાં દરરોજ બપોર વખતે તોપનો બાહાર કરવામાં આવે છે તે તથા પીલ ગાર્ડનમાં બેન્ડ વાજું, અઠવાડીયામાં બે દિવસે બજાવવામાં આવે છે તે બન્ને તેટલીજ

મુદત સુધી બંધ રાખવું, અને મોતીબાગ મહેલની વાવટા કાઢી એ વાવટો બીજો હુકમ નીકળતાં સુધી અરધી કાઠીએ ચડાવેલો રાખવો.

સંવત ૧૯૫૨ ના મહા સુદ ૧૪ બુધવાર તા૦ ૨૯ જાન્યુઆરી સને સને ૧૮૯૬.

ભાવસીંહજી,

મહારાજા સંસ્થાન ભાવનગર

સંસ્થાન ભાવનગરના નામદાર મહારાજા સાહેબ ભાવસીંહજીનો રાજ્યાભિષેક.

શહેર દરબાર મહેલ મધ્યેના દરબાર ભરવાના દીવાનખાનામાં ઉંચી બેઠક (ડાયસ) ગોઠવી તે ઉપર આગળના ભાગમાં બે ખુરસીઓ અને પાછળ સિંહાસન (સ્ટેટ કોચ) મુકવામાં આવ્યું હતું.

મેહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબને લેવા સારૂ મેહેરબાન દીવાન અને વડા સભાસદ ગયા હતા તેમની સાથે વાલાસાન પોલીટીકલ એજન્ટ મેહેરબાન કર્નલ હેનકોક સાહેબ (મદ્રાસ ટાઇમ) કલાક ૮-૩૦ મિનિટે ગોહેલવાડ પ્રાંત આસિસ્ટંટ પોલીટીકલ એજન્ટ મેહેરબાન કયાપટન ડેવા સાહેબ સહિત દરબાર મહેલ આગળ પધાર્યા તે ત્યાંહાં ભાવનગર ઈનફન્ટ્રી તથા બેન્ડ, જે અગાઉથી હ રાખવામાં આવેલ તેમણે લશ્કરી માન આપ્યું, તથા તોપો બહાર ૧૧ કરવામાં આવ્યા હતા.

એ દરબારમાં બીજા યુરોપીયન ગ્રહસ્થો તથા બાનુઓ અને દેશી અમલદારો તથા ગ્રહસ્થો અને સંસ્થાન જુનાગઢ, નવાનગર, ધ્રાંગધરા, ગોંડલ, બારીયા, પાલીટાણા, વઢવાણ વીગેરે રાજ્યસ્થાનો તરફથી આવેલા માણસો પ્રથમથી આવી બેઠા હતા.

નામદાર મહારાજા સાહેબ બાવસીંહજી રાજ્યના સભાસદ સાહેબોને સાથે લઈને દરબારના દીવાનખાનાના દરવાજા સુધી મેહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબને લેવા માટે પધારેલા હતા. અને ત્યાંહાથી નીચે જણાવેલા અનુક્રમ પ્રમાણે દરબારના દીવાનખાનાની અંદર દાખલ થયા.

દરબારી ચોપદારો.

એજન્સીના ચોપદારો

ઝાલાવાડ પ્રાંતના મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ. — નામદાર મહારાજા સાહેબ બાવસીંહજી.

મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ — કુમારશ્રી મંગળસીંહજી.

દીવાન અને વડા સભાસદ સાહેબ

ન્યાય ખાતાના સભાસદ સાહેબ. વધારાના સભાસદ સાહેબ.

લેફટેનન્ટ કર્નલ હેરીસ સાહેબ. ડબલ્યુ એચ વાલીટ સાહેબ.

હજુરી સેક્રેટરી.

દરબારી ચોપદારો.

[illegible] અને નામદાર મહારાજા સાહેબ બાવસીંહજીને ઉંચી બેઠક (ડાયસ) ઉપર રાખેલી રાજ્યાસનની ખુરશી (ચેર ઓફ સ્ટેટ) ઉપર બીરાજમાન કર્યા.

નામદાર મહારાજા સાહેબ બીરાજમાન થયા કે જ વખતે તોપોના બહાર ૧૧ કરી સલામતી આપવામાં આવી તથા દરબાર બેન્ડથી "ભાવનગર માર્ચ" બજાવ્યું હતું અને તે દરમ્યાન મેહેરબાન દીવાન અને વડા સભાસદ સાહેબે નવી તૈયાર કરાવેલી રાજ્યની મોહોર (શીલ ઓફ ધી સ્ટેટ) નામદાર મહારાજાશ્રીને આપી.

મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબને ડાયસ ઉપર જમણી બાજુએ મુકેલી જુદી ખુરશી ઉપર બેઠક આપવામાં આવી હતી.

સલામતીની તોપો થઈ રહ્યા પછી મેહેરબાન પોલી એજંટ સાહેબે નામદાર મહારાજાશ્રી ગાદીનશીન થયા સંબંધીનું ઈંગ્રેજીમાં નીચે મુજબ ભાષણ કર્યું, અને ગુજરાતી ભાષાંતર રાઓ બહાદુર ડેપ્યુટી આસીસ્ટંટ ટીકલ એજંટ સાહેબે વાંચી સંભળાવ્યું હતું.—

રા. રા. વોરા કુરણાશંકર તથા મેહેરબાન છગન રામકૃષ્ણ ભાઈએ જે વખતો વખત અમોને કીમતી સલા આપેલી છે તે બાબત કર્તા તેનો અંતઃકરણ પુર્વક આભાર માને છે.